# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

Indian Youth Congress

**મુકેશ આંજણા**

ચેરમેન ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મીડીયા વિભાગ

**અખબારી યાદી** **તા. ૧૩-૦૩-૨૦૨૬**

- **દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મિત્ર ધર્મ નિભાવી રહ્યા છે, રાષ્ટ્ર ધર્મ નિભાવી રહ્યા નથી: ડૉ. પ્રવિણસિંહ વણોલ**
- **અમેરિકા સાથેની ટ્રેડ ડીલ કરવાથી ખેડૂતો અને નાના ઉદ્યોગોને પણ નુકશાન થશે.**
- **એપ્સટિન ફાઈલમાં નામ ખુલવાથી દેશના વડાપ્રધાન ડરી ગયા છે અને તેના લીધે દેશના સ્વાભિમાનને નુકશાન પહોંચ્યું છે. : ડૉ. પ્રવિણસિંહ વણોલ**

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવિણસિંહ વણોલે રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે PM is comprise અને દેશ વડાપ્રધાન રાષ્ટ્રિહિત માટે કામ કરી રહ્યા નથી તથા કેન્દ્રમાં ભાજપની સરકાર દ્વારા અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવાથી દેશને નુકશાન થશે તેવા વિવિધ મુદ્દાને લઈને પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે હાલ સમયમાં દેશના વડાપ્રધાન ભારત દેશની સુરક્ષા માટે ખતરો છે. AI સમિટમાં યુવા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેના વિશે પણ વાત કરી હતી. યુવા કોંગ્રેસ દેશના હિત માટે ખૂબ જ ચિંતિત છે. દેશના યુવાનો પણ કેન્દ્ર સરકારને સવાલ પૂછી રહ્યા છે કે PM is comprise છે. અમેરિકા સાથે ટ્રેડ ડીલ થઈ છે તેના લીધે ખેડૂતોને ખૂબ જ નુકશાન આવનારા સમયમાં થવાનું છે. આ ટ્રેડ ડીલ થવાના લીધે ભારત દેશના અતિ મહત્વપૂર્ણ ડેટાની પણ અમેરિકા સાથે આપ-લે થશે. તેના લીધે દેશની સુરક્ષા સામે પણ ખતરો ઊભો થવાનો છે, અમેરિકા ભારત દેશને બાનમાં લેશે તથા પોતાને ફાવે તેવું વર્તન કરશે અને દેશ પર દબાણની રાજનીતિ કરવાનું આગામી સમયમાં કોઈ કચાશ બાકી રાખશે નહીં.

વધુમાં તેઓ જણાવ્યું હતું કે એપસ્ટિન ફાઈલમાં પણ ક્યાંક ને ક્યાંક દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ પણ સામે આવ્યું છે, તેમના માનીતા ઉદ્યોગપતિ અનિલ અંબાણીનું નામ ખૂલ્યું છે. એક ભાજપના મંત્રી નામ એપસ્ટિન ફાઈલ સાથે જોડાયું છે જેમાં ઈમેલ થી સંવાદ થયો છે તેનો ખુલાસો પણ થયેલ છે. જ્યારે નાની નાની બાળકીઓનું યોન શોષણ કરવા પણ દેશના વડાપ્રધાન અને તેમના માનિતા લોકોનું નામ એપ્સટિન ફાઈલમાં ખુલતું હોય ત્યારે દેશના સ્વાભિમાનને ઠેસ પહોંચે છે. દેશના વડાપ્રધાન રાષ્ટ્ર ધર્મ નિભાવતા નથી પણ મિત્ર ધર્મ નિભાવી રહ્યા છે. હાલના સમયમાં દેશના વડાપ્રધાનને રાષ્ટ્ર ધર્મ નિભાવવાની જરૂર છે. રાષ્ટ્ર ધર્મથી કોઈ મોટો ધર્મ નથી. પોતાના મિત્ર ઉદ્યોગપતિ અદાણી પર અમેરિકામાં કેસ થયેલ છે તેને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને નુકશાન પહોંચાડી રહ્યા છે અને અમેરિકા સામે ઝૂકી ગયા છે. આવનારા સમયમાં ટ્રેડ ડીલ રદ કરવામાં નહીં આવે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન યુવા કોંગ્રેસ દ્વારા ચાલુ રાખવામાં આવશે . યુથ કોંગ્રેસના નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા હતા, પણ તેઓનું સ્હેજ પણ મનોબળ તૂટ્યું નથી તે અમારા માટે ગર્વની બાબત છે.

આ પ્રસંગ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઉવેશ મન્સૂરી, પ્રદેશ મહામંત્રી ગૌરાંગ મકવાણા અને NSUIના રાષ્ટ્રીય સચિવ સંજય સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા.

(મુકેશ આંજણા)

મો. ૯૭૨૩૪૫૮૧૫૮